રાજમાર્ગનાં દબાણો હટાવવા ફરી ઝુંબેશ

કમિ. બદલાતાં જ રાજમાર્ગ પર ફરી દબાણ

પોલીસે પેટ્રોલિંગ બંધ કરી દીધું અને મનપા તંત્રને હાથ ઊંચા કરી દીધા

મેયર અને પોલીસ કમિશનરનો આદેશ 'યાર દિલ કી આંદની' જેવો બની રહ્યો

સુરતઃ શહેરના કોટ વિસ્તારમાં આવેલા રાજમાર્ગ પર દબાણો કરી પાકા બાંધાન કરી જાણે સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે. અગાઉ મેયર દ્વારા યોજાયેલ વરાછા ઝોન પર પોલીસ કમિશનર સાથે મળીને દબાણો હટાવવાની ઝુંબેશ શરૂ કર્યા બાદ શહેર વિસ્તારમાં ખોલી નાખ ટ્રાફિક મેયરના રાજમાર્ગ પર પણ દબાણકારી ગાર્ડ લાગ અને પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન દબાણકારી ગાયબ થઈ ગયા લાગ કડકારી ઓલ્ટી થતાં અને સાઈકિલી ખડ ખડ ડોકાવી સિટિ બસ વિકટ બનિવર્સ છે.

સજમાર્ગનાં દબાણો હટાવવા માટે અમે ચોક્કસ પ્લાન વિચારી રહ્યા છીએઃ મ્યુનિ.કમિશનર એમ. નાગરાજન

તાજમાર્ગ પર કાગડી હટાવવામાં દબાણો ફરીથી થઈ ગયા હોવા અંગે ટ્રાફિક મેયર કમિશ્નર મ્યુનિ કમિ. એમ. નાગરાજનને પૂછતાં કહ્યું કે, આ દબાણો ઝોનિંગ દ્વારાજ થયાનો છે એટલે અમે આ માટે ચોક્કસ પ્લાન વિચારી રહ્યા છીએ. તેમ છતાં દબાણો હટાવીને ફરીથી ઊભા થતા હોવાં કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં કોઈ ખામી નથી. અગાઉની જેમ આ માટે મેયર સાથેનાં સંયોજન કરાશે.

તા. 24-02-2026ના રોજ 'ગુજરાતમિત્ર'માં પ્રકાશિત અહેવાલ

ગુજરાતમિત્રના અહેવાલ બાદ મનપા કમિશનરે આદેશ આપતા રાજમાર્ગ પરના દબાણો હટાવાયાઃ દિવસ અને રાત્રિ માટે અલગ અલગ ટીમો મુકાઇ

સુરતઃ શહેરના રાજમાર્ગ પર ફરી વકરેલા દબાણો સામે અંતે કડક કાર્યવાહી શરૂ થઈ છે. અગાઉ જ્યારે મનપા કમિશનર તરીકે શાલીની અગ્રવાલ કાર્યરત હતા, ત્યારે તત્કાલીન મેયર દક્ષેશ માવાણી અને પોલીસ કમિશનર ગેહલોતના સંકલનથી રાજમાર્ગ પર રોજ રાત્રે દબાણો હટાવવામાં આવતા હતા. સતત પોલીસ પેટ્રોલિંગના કારણે થોડા સમય માટે દબાણકર્તાઓ ગાયબ થઈ ગયા હતા. જો કે હવે ફરીથી રાત્રે તેમજ દિવસ માટે અલગ અલગ ટીમો તૈનાત કરી રાજમાર્ગના દબાણો સામે કાર્યવાહી શરૂ થતાં દબાણો ગાયબ થઇ ગયા છે.

કમિશનરની બદલી બાદ સ્થિતિ ફરી બગડવા લાગી. રાત્રે આઠથી 11 વાગ્યા દરમિયાન રાજમાર્ગ જાણે દબાણકર્તાઓના હવાલે થઈ જતો હતો. તેમાં પણ રમજાન માસ શરૂ થતાં જ

ગુજરાતમિત્ર ઈમ્પેક્ટ

રમજાનની બજારો ભરાવા માંડતા ટ્રાફિક, સ્થાનિક વેપારીઓ અને રાહદારીઓ માટે મુશ્કેલી ઊભી થઈ હતી.

આ મુદ્દે બે દિવસ અગાઉ લોકોની સમસ્યાને વાંચા આપતો અહેવાલ ગુજરાતમિત્ર દ્વારા પ્રકાશિત કરાયો હતો. જેના પગલે તંત્ર દોડતું થયું હતું. અહેવાલના પડઘારૂપે મનપા કમિશનરેના સ્પષ્ટ આદેશ બાદ સેન્ટ્રલ ઝોનના તંત્ર દ્વારા છેલ્લા બે દિવસથી પોલીસ સાથે સંયુક્ત રીતે દિવસ અને રાત્રે રાજમાર્ગ પર કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. મનપા અને પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં દબાણકર્તાઓને હટાવી રાજમાર્ગ સાફ કરાયો છે. લાંબા સમય બાદ મુખ્ય માર્ગ પર વ્યવસ્થિત ટ્રાફિક અને રાહત અનુભવાઈ રહી છે. સ્થાનિક વેપારીઓ અને નાગરિકોએ 'ગુજરાતમિત્ર'ના અહેવાલને પગલે થયેલી કાર્યવાહીની પ્રશંસા કરી છે. હાલમાં દબાણો દૂર થયા છે, પરંતુ વેપારીઓની સ્પષ્ટ માંગ છે કે મનપા અને પોલીસ તંત્ર કાયમી સંયુક્ત રણનીતિ ઘડે, સતત પેટ્રોલિંગ અને કડક કાર્યવાહી ચાલુ રાખે, જેથી રાજમાર્ગ પર ફરીથી દબાણો ન વકરે અને શહેરની શિસ્ત જળવાઈ રહે.

વેસુ સામૂહિક આપઘાતનો આરોપી વૈભવ રૂંગટા દિલ્હીથી ઝડપાયો

અન્ય વ્યાજખોરોની સંડોવણીની દિશામાં પણ તપાસ

સુરતઃ સુરતના વેસુ વિસ્તારમાં બનેલી હૃદયદ્રાવક સામૂહિક આપઘાતની ઘટનામાં પોલીસે નોંધપાત્ર સફળતા મેળવી છે. આખા પરિવારને વ્યાજખોરીના ત્રાસથી મોતને ભેટવા મજબૂર કરનાર મુખ્ય આરોપી વૈભવ શિવકુમાર રૂંગટાને દિલ્હીમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. ટેકનિકલ સર્વેલન્સના આધારે કાર્યવાહી કરતા સુરત પોલીસે આરોપીને પકડી કાયદાની પકડમાં લીધો છે.

વેસુ વિસ્તાર સ્થિત હેપ્પી એલિગન્સ એપાર્ટમેન્ટમાં બનેલી આ ઘટનાએ સમગ્ર શહેરને હચમચાવી દીધું હતું. મૂળ બિહારના અને સુરતમાં શેરબજાર સાથે સંકળાયેલા બાલમુકુંદ ખેતાને પત્ની પ્રિયંકા અને બે દીકરીઓ સાથે ઝેર પી આત્મહત્યા કરી હતી. ઘટના સ્થળેથી મળેલી ત્રણ પાનાંની સુસાઇડ નોટમાં વ્યાજખોર વૈભવ રૂંગટાના ત્રાસનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન ખૂલ્યું કે, વૈભવ રૂંગટા બાલમુકુંદના ક્રેડિટ કાર્ડનો દુરુપયોગ કરતો હતો અને પૈસા પરત માંગતા ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપતો હતો. આ સતત માનસિક ત્રાસથી કંટાળી પરિવારએ એલ્યુમિનિયમ ફોસ્ફાઇડ જેવા ઝેરી પદાર્થનું સેવન કર્યું હોવાનો ખુલાસો થયો છે. વેસુ પોલીસે આરોપી વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ તેજ બનાવી હતી.

ટેકનિકલ સર્વેલન્સ દ્વારા આરોપી દિલ્હીમાં છુપાયો હોવાની માહિતી મળતાં ખાસ ટીમ મોકલી તેને ઝડપી લેવામાં આવ્યો હતો. જો કે, સ્થાનિક કોર્ટે ટ્રાન્ઝિટ રિમાન્ડ ન આપી આરોપીને સુરત કોર્ટમાં હાજર થવા આદેશ કર્યો છે. પોલીસ હવે વૈભવ રૂંગટાની સઘન પૂછપરછ કરી રહી છે તેમજ અન્ય વ્યાજખોરોની સંડોવણીની દિશામાં પણ તપાસ આગળ ધપાવી રહી છે. બેંક ટ્રાન્ઝેક્શન અને ક્રેડિટ કાર્ડના રેકોર્ડ મેળવવામાં આવ્યા છે. વેસુ પોલીસના જણાવ્યા મુજબ આ કેસમાં દરેક પાસું તપાસવામાં આવશે. દોષિત સામે કડકમાં કડક કાર્યવાહી થશે.

સાયબર ક્રાઈમ કામગીરીમાં નંબર-1, પરંતુ કચેરીની વાતમાં નંબર-ઝીરો

કરોડોના આંતરરાષ્ટ્રીય કૌભાંડો પકડતી ટીમ 'સાંકડી ગલી'માં કામ કરવા મજબૂર

હજારો લોકોના નાણાં બચાવતી પોલીસ પોતાની બેઠક વ્યવસ્થા માટે ક્યારે 'ન્યાય' મેળવશે?

શું હવે 'સુરત મોડલ'ના વખાણ કરનારા નેતાઓ ધ્યાન આપશે?

જો ખરેખર ગુજરાત સરકાર સાયબર સેફ્ટી બાબતે ગંભીર હોય, તો સુરત સાયબર સેલ માટે તાત્કાલિક નવી અને વિશાળ જગ્યા ફાળવવી જોઈએ. માત્ર ભાષણો આપવાથી ગુનાખોરી અટકતી નથી, ગ્રાઉન્ડ લેવલ પર જે અધિકારીઓ લોહી-પાણી એક કરે છે તેમને પાયાની સુવિધાઓ આપવી એ સરકારની નૈતિક જવાબદારી છે. અસુવિધાને કારણે તપાસની ગુણવત્તા પર પણ વિપરીત અસર પડી શકે છે. સુરતના નાગરિકો હવે એ પૂછી રહ્યા છે કે, "સાહેબ, બીજાના પૈસા તો બચાવો છો, પણ તમારા જ જવાનોને ક્યારે બચાવશો?"

સુરતઃ રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી જ્યારે પણ કાયદો અને વ્યવસ્થાની વાત કરે છે ત્યારે સુરત પોલીસનું નામ ગર્વથી લેવાય છે. ખાસ કરીને સુરત સાયબર ક્રાઈમ સેલ, જેણે છેલ્લા કેટલાક સમયથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના હજારો કરોડના ફ્રોડ પકડીને આખા દેશમાં ડંકો વગાડ્યો છે. પરંતુ આ ચમકતી સફળતા પાછળની વરવી વાસ્તવિકતા એ છે કે, જે અધિકારીઓ રાત-દિવસ એક કરીને ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલે છે, તેમને પોતાના જ પોલીસ સ્ટેશનમાં બેસવા માટે નસીબમાં એક ખુરશી પણ નથી!

નાગરિકોના કરોડો રૂપિયા પાછા અપાવવામાં સફળ રહેલી આ ટીમ પાસે આજે પોતાના જ ઓફિસમાં જગ્યાનો આત્યંતિક અભાવ છે. પરિસ્થિતિ એવી છે કે ચાર-ચાર PI કક્ષાના અધિકારીઓને કામગીરી કરવા માટે એક નાનકડા ખૂણામાં એડજસ્ટ થવું પડે છે.

શિક્ષણ સમિતિના શિક્ષકો પર વધુ એક કાર્યભાર થોપાયો

બોર્ડની પરીક્ષામાં પણ ફરજ સોંપાઇ

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં શિક્ષકો પર એક પછી એક બિન-શૈક્ષણિક જવાબદારીઓ લદાતા શિક્ષણ વ્યવસ્થાને અસર પહોંચી રહી છે. તાજેતરમાં શરૂ થયેલી બોર્ડની પરીક્ષાઓમાં સમિતિના અનેક શિક્ષકોને સુપરવાઈઝર અને ઝોન પ્રતિનિધિ તરીકે ફરજ સોંપાતાં શાળાઓમાં હાજર શિક્ષકો પર કાર્યભાર વધ્યો છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં પહેલેથી જ શિક્ષકોની ઘટ હોવાની ફરિયાદો ઊઠી રહી છે. તેવામાં થોડા સમય અગાઉ મોટા ભાગના શિક્ષકો મતદાર યાદી સુધારણા કાર્યક્રમ (SIR/BLO) માં જોડાયેલા હતા. હવે બોર્ડની પરીક્ષાની ફરજથી ફરી એક વખત વર્ગખંડોમાં શિક્ષકોની અછત સર્જાઈ છે. પરિણામે એક શિક્ષકને બે કે તેથી વધુ વર્ગ સંભાળવા પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. શાળા સત્ર શરૂ થયા બાદ શિક્ષકોને શિક્ષણ કાર્ય સિવાય પુસ્તકો લાવવા, ગણવેશ તથા બુટ-મોજાં વિતરણ જેવી પ્રવૃત્તિઓમાં પણ જોડવામાં આવ્યા છે. સત્રના શરૂઆતના દિવસોમાં જ શિક્ષણ પ્રક્રિયા ખોરવાતાં ગરીબ અને સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર ઘટી રહ્યું હોવાની ચિંતા વ્યક્ત થઈ રહી છે. આગામી દિવસોમાં વસતી ગણતરી જેવી કામગીરીમાં પણ શિક્ષકોને જોડવાની તૈયારીને લઈને નારાજગી છે. શિક્ષકો અને વાલીઓ તરફથી માંગ ઊઠી છે કે શિક્ષકોને બિન-શૈક્ષણિક ફરજોથી મુક્ત રાખી વર્ગખંડમાં વધુ સમય આપવા દેવામાં આવે.

ફિલ્ડમાં રહેતા તમામ અધિકારીને પાલિકા વોકીટોકી આપશે

સુરતઃ મ હવે મનપાનું તંત્ર અત્યાધુનિક વાયરલેસ સેટથી સજ્જ થશે. હાલમાં પાલિકા પાસે ઉપલબ્ધ 600 વાયરલેસ સેટ પૈકી મોટાભાગના સેટ ફાયર વિભાગમાં કાર્યરત છે, પરંતુ બદલાતી પરિસ્થિતિ અને શહેરના વધતા વ્યાપને ધ્યાને રાખીને અંદાજે એક કરોડ રૂપિયાના ખર્ચે વધુ 500 નવા વાયરલેસ સેટ ખરીદવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ અત્યાધુનિક કોમ્યુનિકેશન સિસ્ટમનો મુખ્ય હેતુ આકસ્મિક ઘટનાઓ, આગ, અકસ્માત, ભૂકંપ જેવી હોનારતો તેમજ ચોમાસા દરમિયાન ખાડી પૂર અને રાહત કામગીરીમાં રીયલ ટાઈમ સંકલન સાધવાનો છે. ફિલ્ડમાં કાર્યરત કર્મચારીઓથી માંડીને ઉચ્ચ અધિકારીઓ સુધીના તમામ લોકો સીધા કંટ્રોલ રૂમ સાથે કનેક્ટ થશે.

હાજરી પુરાવી ગાયબ થઈ જતાં બે સફાઈ કામદાર સસ્પેન્ડ

સુરત મહાનગર પાલિકામાં વર્ષો બાદ વિજિલન્સની હાજરી દેખાઇ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં સફાઈ કામદારોની હાજરી પુરાવી કામચોરી કરવાનું મોટું કૌભાંડ ફરી એકવાર સપાટી પર આવ્યું છે. અઠવા ઝોનની પનાસ (13/બી) વોર્ડ ઓફિસમાં મુકાદમ, એસ.એસ.આઈ. અને એસ.આઈ.ની મિલીભગતથી ચાલતા આ ખેલનો વિજિલન્સ તપાસમાં પર્દાફાશ થયો છે. ડેપ્યુટી કમિશનર દિનેશ ગુરવની સૂચનાથી વિજિલન્સ વિભાગે છેલ્લા બે-ત્રણ સપ્તાહથી હાથ ધરેલી તપાસ અને સીસીટીવી ફૂટેજની ચકાસણીમાં સામે આવ્યું છે કે, રાકેશ મકવાણા અને શૈલેષ ચૌહાણ નામના બે સફાઈ કામદારો બાયોમેટ્રિક હાજરી પૂર્યા બાદ પોતાના નક્કી કરેલા વિસ્તારમાં કામ કરવા જવાને બદલે ગાયબ થઈ જતા હતા. આ ગંભીર બેદરકારી બદલ બંને કામદારને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તપાસમાં સૌથી ચોંકાવનારી વિગત એ બહાર આવી છે કે, આ બંને કર્મચારી જ્યારે બાયોમેટ્રિક હાજરી ન પૂરતા હોય ત્યારે તેમના ઉપરી અધિકારીઓ (મુકાદમ અને એસ.એસ.આઈ.) રજિસ્ટરમાં તેમની ખોટી હાજરી પૂરી આપી મનપાની તિજોરીને ચૂનો લગાવતા હતા. આ કોઈ છૂટીછવાઈ ઘટના નહીં, પરંતુ અધિકારીઓની મિલીભગતથી ચાલતું કૌભાંડ છે. પનાસ વોર્ડનું આ કૌભાંડ તો માત્ર એક નમૂનો છે, પરંતુ મનપાના અન્ય વોર્ડમાં પણ આવા 'ભૂતિયા' કર્મચારીઓનો ખેલ ચાલતો હોવાની આશંકા છે.

ડિંડોલીના છઠ તળાવ ગાર્ડનમાં યુવક પર ચપ્પુથી હુમલો

પીઠમાં ઘા મારી જાનથી મારી નાંખવાની ધમકી, ત્રણ ઝડપાયા

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં આવેલા છઠ તળાવ ગાર્ડનમાં બેઠેલા યુવક પર ચપ્પુથી હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકીનો બનાવ બન્યો હતો. બનાવ અંગે ડિંડોલી પોલીસે ચાર સામે ગુનો નોંધી ત્રણ આરોપીને ઝડપી પાડ્યા છે.

મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ સુરતના ડિંડોલી વિસ્તારમાં ફ્લાવર ગાર્ડન પાસે શ્રીકૃષ્ણ હેરિટેજમાં નિવાસ કરતાં 21 વર્ષીય સચિન ભાવસાહેબ બાગુલ ડિંડોલી વિસ્તારમાં આવેલા છઠ તળાવ ગાર્ડનમાં એકલા બેઠા હતા. તે દરમિયાન વિક્રમ, જય, કરણ અને ગણેશ નામના ચાર યુવકો ત્યાં આવી પહોંચ્યા હતા. અને તેમને ઢીકમુક્કીનો ઢોર માર માર્યો હતો. ચાર પૈકી એક આરોપીએ પોતાની પાસે રહેલું તીક્ષ્ણ હથિયાર બહાર કાઢી સચિનની પીઠના ભાગે ઘા મારી દીધો હતો. ઘટના બાદ સચિને ડિંડોલી પોલીસમથકે પહોંચીને ચારેય સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે વિક્કી ઉર્ફે વિક્રમ પ્રદીપ બીરાડે (રહે., પ્રિયંકા ટાઉનશીપ, ગોડાદરા), કરણ સંતોષભાઈ વાઘ (રહે., શિવકૃપા સોસાયટી, ગોડાદરા) અને જય રાહુલભાઈ રામટેકે (રહે., પ્રિયંકા પાર્ક સોસાયટી, ગોડાદરા)ને ઝડપી પાડ્યા છે. ચોથા આરોપીની શોધખોળ ચાલુ હોવાનું પોલીસે જણાવ્યું છે. ઈજાગ્રસ્ત સચિનને તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી અને હાલ તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

સુરતમાં બોર્ડ પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભઃ 'સ્ટ્રેસ-ફ્રી' માહોલ માટે તંત્ર સજ્જ

1.60 લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે કાઉન્સેલિંગ, ટ્રાફિક પ્લાનિંગ

112 હેલ્પલાઇન અને ટૂ-વ્હીલર પેટ્રોલિંગથી 'સમયસર સેન્ટર' પહોંચાડવાની ખાસ વ્યવસ્થા

સુરતઃ રાજ્યભરમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો આજથી પ્રારંભ થતાં સુરત જિલ્લામાં સૌથી વધુ ૧ લાખ ૬૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે.અઠવાગેટ સ્થિત વનિતા વિશ્રામ સ્કૂલ પરીક્ષા કેન્દ્રની મુલાકાતે જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી અને પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત પહોંચ્યા હતા. અધિકારીઓએ પરીક્ષાર્થીઓને ફૂલો આપી શુભેચ્છા પાઠવી અને ભયમુક્ત માહોલમાં આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા પ્રોત્સાહિત કર્યા. જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, પરીક્ષાને માત્ર મૂલ્યાંકન નહીં પરંતુ શિક્ષણના ઉત્સવ સમાન માનવો જોઈએ. વિદ્યાર્થીઓ પર માનસિક બોજ ન રહે તે માટે છેલ્લા કેટલાક દિવસોથી શાળાઓમાં કાઉન્સેલિંગ સેશન અને માર્ગદર્શન વર્કશોપ્સ યોજાયા હતા. ઉનાળાની ગરમીને ધ્યાનમાં રાખી આરોગ્ય વિભાગની ટીમોને પણ સજ્જ રાખવામાં આવી છે, જેથી કોઈ વિદ્યાર્થીની તબિયત બગડે તો તાત્કાલિક સારવાર મળી શકે. પરીક્ષા કેન્દ્રોમાં પીવાના પાણી અને પ્રાથમિક સારવારની સુવિધા સુનિશ્ચિત કરવામાં આવી છે.

દંપતીના ખટરાગમાં પિતાને બાળક સાથે મળવા દેવાશે

સામાન્ય દિવસોમાં વિડીયો કોલ મારફતે વાતચીત કરી શકશે

સુરતઃ પતિ પત્ની વચ્ચેની ખટરાગમાં પતિએ ફેમિલી કોર્ટમાં કરેલી અરજી ફેમિલી કોર્ટે અંશતઃ મંજુર રાખી લસકાણામાં રહેતી પત્ની પાસે રહેતા દીકરાને પિતાને વાર-તહેવાર અને સ્કુલ વેકેશન દરમિયાન પોતાની પાસે રાખવા તેમજ સામાન્ય દિવસોમાં વિડીયો કોલ મારફતે વાતચીત કરવા ફેમિલી કોર્ટે હુકમ કર્યો હતો.ઓલપાડ ખાતે રહેતા પિતાએ સુરત ફેમિલી કોર્ટમાં વકીલ સ્વાતિ મહેતા મારફતે ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એક્ટ ૧૮૯૦ની કલમ-૧૨ અન્વયે અરજી કરી પત્ની પાસે રહેતા ૬ વર્ષીય દીકરાનો કામચલાઉ કબજો અપાવવાના વિકલ્પે મળવા દેવાની પરવાનગીની દાદ માંગી હતી. આ અંગે વકીલ સ્વાતિ મહેતાએ વિગત આપતાં જણાવ્યું હતું કે પત્નીએ વ્યાજબી કારણ વિના લાંબા સમયથી પતિનો ત્યાગ કર્યો છે. દીકરાને પણ મળવા નહી દઈને પિતૃ પ્રેમથી વંચિત રાખતી આવતાં હતાં. બાળકના હીતમાં દીકરાનો કબજો મેળવવા મૂળ અરજી કરી છે. પરંતુ મૂળ અરજીને ચાલતા સમય લાગે તેમ છે. જેથી પુત્ર પરત્વે કુદરતી પ્રેમ, લાગણી હોય મૂળ દાવાનો આખરી નિકાલ થતા સુધી દીકરાનો કામચલાઉ કબજો પત્ની પાસેથી સુપરત કરે એટલે કે દીકરાને રોજ વીડીયો કોલ કરાવે, દર શનિ-રવિ તેમજ વાર-તહેવાર અને સ્કુલ વેકેશનમાં સાથે લઈ જવા દે તેવો વચગાળાનો હુકમ મેળવવા રજૂઆત કરવામાં આવી હતી. ફેમિલી કોર્ટે પિતાની વચગાળાની અરજી અંશતઃ મંજૂર કરી હતી. ફેમિલી કોર્ટે હુકમ કર્યો હતો કે, દીકરાને દર રવિવારે સવારે ૧૧ થી ૪ સુધી પિતા સાથે સમય વ્યતિત કરવા દેવા, દિવાળી વેકેશનમાં ૪ દિવસ અને ઉનાળા વેકેશનમાં ૧૦ દિવસ તેમજ બેસતા વર્ષના બપોરથી ૪ દિવસ પિતા સાથે રાખી શકશે. તેમજ સામાન્ય દિવસોમાં વિડિયો કોલ મારફતે દીકરા સાથે યોગ્ય સમયે તેના અભ્યાસ અને ઈતર પ્રવૃત્તિને બાધ ન આવે તે રીતે ચોક્કસ સમયે યોગ્ય સમય માર્યાદામાં વાતચીત કરવા દેવાનો પણ હુકમ કર્યો હતો. તેમજ દીકરાના હિત અને કલ્યાણને ધ્યાને લઈ કોઈપણ નકારાત્મક હરકતો કે વર્તન પક્ષકારોએ કરવુ-કરાવવું નહી તેવો પણ આદેશ કર્યો હતો.

કાપડ વેપારી સાથે ૩.8.77 લાખની ઠગાઈ, દલાલ-વેપારી સામે ગુનો

સેલ્સમેનના હાથ-પગ તોડી વેપારીને મારી નાંખવાની ધમકી આપી

સુરતઃ રિંગ રોડ સ્થિત રાધાકૃષ્ણ ટેક્સટાઈલ માર્કેટમાં વેપારી સાથે 8.77 લાખ રૂપિયાની છેતરપિંડી થયાનો બનાવ સામે આવ્યો છે. માલ લેવાયા બાદ આંશિક ચૂકવણી કરી બાકી રકમ આપવાથી ઈનકાર કરાયો અને ઉઘરાણી કરવા ગયેલા સેલ્સમેનને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં આખરે પીડિત વેપારીએ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ઉધના-મગદલ્લા રોડ પર રવિશંકર સંકુલ સોસાયટી સ્થિત સત્યા એપાર્ટમેન્ટમાં રહેતા મુકેશ હરિકૃષ્ણ ગુપ્તા (ઉ.વ.62) રિંગ રોડ ખાતે આવેલા રાધાકૃષ્ણ ટેક્સટાઈલ માર્કેટના ત્રીજા માળે "સંપૂર્ણા ફેશન" નામથી ગારમેન્ટ ફેબ્રિક કાપડની દુકાન ચલાવે છે. ફરિયાદ મુજબ આરોપી દલાલ સુનીલભાઈ તથા વેપારી રવિ કનૈયાલાલ શેવારામાણી (પ્રોપરાયટર-કાના ક્રિએશન, દુકાન નં.321, ત્રીજો માળ, ઘનશ્યામ કોમ્પ્લેક્સ, બી.બી.સી. માર્કેટ પાસે, અમદાવાદ) એ મળી એકબીજા સાથે સાઠગાંઠ કરી તા.13/9/2024થી તા.23/12/2024 દરમિયાન અલગ-અલગ બિલ-ચલણ મારફતે કુલ ૩.20,83,806નો ગારમેન્ટ ફેબ્રિક માલ મેળવ્યો હતો. શરૂઆતમાં આરોપીઓએ ટુકડે-ટુકડે કરીને ૩.12,06,167ની ચૂકવણી કરી હતી. બાદમાં બાકી રહેલી ૩.8,77,639ની રકમ ચૂકવવા ઈનકાર કરી દીધો હતો. ઉઘરાણી માટે મુકેશ ગુપ્તાના સેલ્સમેન સંદીપને મોકલવામાં આવતાં આરોપી દલાલે તેને ગાળો આપી ધમકી આપી હતી કે "અહીં ફરી પેમેન્ટ લેવા આવશે તો હાથ-પગ તોડી નાંખીશ." ફરિયાદ મુજબ સેલ્સમેનને સ્પષ્ટ કહેવામાં આવ્યું કે, "તારા માલિકને કહી દેજે, એકપણ રૂપિયા નહીં મળે. ફરીવાર તું કે તારો માલિક પેમેન્ટ માંગવા આવશે તો જાનથી મારી નાંખીશું." આ ધમકીઓ આપ્યા બાદ સંદીપને દુકાનમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. ઘટના બાદ આરોપીઓએ પોતાની ફર્મની દુકાનો બંધ કરી નાસી ગયા હોવાનું પણ સામે આવ્યું છે. આ સમગ્ર બનાવ અંગે મુકેશ ગુપ્તાએ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે દલાલ સુનીલભાઈ અને વેપારી રવિ શેવારામાણી સામે છેતરપિંડી તથા ધમકી આપવાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પત્ની સાથે વાતચીતની શંકાએ મનપાના મુકાદમ પર બુલેટ ચડાવી દીધી

ડભોલી ચાર રસ્તા પાસે મુકાદમને માર મારતા પાંસળી અને પગમાં ફ્રેક્ચર થઇ ગયું

સુરતઃ ફરજ બજાવતા મહાનગર પાલિકાના મુકાદમ પર તેમની મહિલા સહકર્મચારીના પતિએ શંકાના આધારે બુલેટની ટક્કર ઉડાવી દીધો હતો. ત્યાર બાદ તેને માર મારતા મામલો સિંગણપોર પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.

વેડ રોડ સ્થિત રમણનગર સોસાયટીમાં રહેતા કરતા 48 વર્ષીય ધીરજલાલ લક્ષ્મણભાઈ પરમાર સુરત મહાનગર પાલિકામાં મુકાદમ છે. તા. 25 ફેબ્રુઆરી 2026ના રોજ સવારે આશરે 8:00થી 8:30 વાગ્યાના સમયગાળા દરમિયાન તેઓ અન્ય ત્રણ કર્મચારી સાથે ડભોલી ચાર રસ્તા પાસે આવેલા સ્વામિનારાયણ મંદિર સફાઈ કરી રહ્યાં હતાં. તે દરમિયાન તેમની સાથે કામ કરતી મહિલા કર્મચારી જ્યોતિબેનના પતિ દિવ્યેશ સાંડીશે રોંગસાઈડમાં બુલેટ દોડાવી ધીરજલાલ સાથે અથડાવી હતી. જેથી તેઓ પટકાઈ ગયા હતાં. ત્યારબાદ દિવ્યેશે "તું મારી પત્ની સાથે કેમ વાત કરે છે? કેમ હેરાન કરે છે?" તેમ કહી માર માર્યો હતો. જેથી તેમને પગ અને પાંસળીમાં ફ્રેક્ચર થઈ ગયું હતું. સમગ્ર મામલે ધીરજલાલ પરમારે સિંગણપોર પોલીસ મથકે ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

AI અને ડ્રોન ટેક્નોલોજીથી પોલીસ વધુ સ્માર્ટ બની

સુરતઃ બદલાતા ગુનાખોરીના ટ્રેન્ડ અને ટેક્નોલોજી આધારિત પડકારોને ધ્યાનમાં રાખી સુરત શહેર પોલીસે બે દિવસીય ક્રાઈમ કોન્ફરન્સ-2026નું આયોજન કર્યું છે. પ્રધાનમંત્રી ની ડીજી કોન્ફરન્સમાં આપવામાં આવેલી સૂચનાઓ અને ગુજરાત પોલીસ વડાના માર્ગદર્શન મુજબ યોજાયેલી આ બેઠકમાં 200થી વધુ અધિકારીઓ, PSI, PI, ACP અને કોન્સ્ટેબલ્સે ભાગ લીધો હતો. પોલીસ કમિશનરે જણાવ્યું કે ગુનાખોરીના સ્વરૂપમાં સતત પરિવર્તન આવી રહ્યું છે. તે સામે લડવા માટે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડ્રોન ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે. AI દ્વારા ગુનાખોરીના પેટર્નનું વિશ્લેષણ કરી પૂર્વાનુમાન કરાશે, જ્યારે ડ્રોનની મદદથી ભીડભાડવાળા વિસ્તારોમાં અસરકારક સર્વેલન્સ શક્ય બનશે.

અંબાજી મંદિરમાં ધુળેટીએ શિવાજીની તલવારના દર્શન

જૂના અંબાજી માતા મંદિરનો શિવાજી મહારાજ સાથે ૪૦૦ વર્ષ પુરાણો નાતો

સુરત : અંબાજીરોડ સ્થિત જૂનાઅંબાજી માતાના મંદિરમાં ધૂળેટીના દિવસે શિવાજી મહારાજની તલવાર દર્શન માટે ખુલ્લી મુકાશે.

અંબાજી મંદિરના મહારાજ મહર્ષિ વિપુલ અંબાજીવાળાએ જણાવ્યું હતું કે, જૂના શ્રી અંબાજી માતા મંદિરનો શિવાજી મહારાજ સાથે ૪૦૦ વર્ષ પુરાણો નાતો છે. ૧ માર્ચ, રવિવારે પૂજા તલવાર ભાવિક ભક્તોનાં દર્શન માટે ખુલ્લી મુકાશે. આ મંદિરનો ઈતિહાસ એવો છે કે, સુરત યુદ્ધ કે જે ૫ જાન્યુઆરી, ૧૬૬૪ માં છત્રપતિ શિવાજી મહારાજ અને ઈનાયત ખાન જે એક મુઘલ સુબેદાર હતો તેમની વચ્ચે સુરત શહેર, ગુજરાત નજીક થયું હતું. જેમાં શિવાજીએ પ્રમાણમાં નાના મુઘલ દળને હરાવ્યું હતું. દરમિયાન તેમણે જૂના અંબાજી માતા મંદિરમાં પધારી જગત જનનીનાં દર્શન કરી આશીર્વાદ પ્રાપ્તિ પછી શક્તિનું પ્રતિક ગણાતી પૂજાની તલવાર માતાજીના ચરણે અને શરણે ભેટ ધરેલ ત્યારપછી તે પરત ફરતી વેળાએ ભવાની માતાના મંદિર એ દર્શન કરી સૂર્યપુત્રી નદી કુદાવી હતી! જેથી હોળી ધૂળેટી નિમિતે ૧ માર્ચ, રવિવારે શિવાજી મહારાજની શક્તિનું પ્રતિક ગણાતી પૂ